સુવિચાર
દરરોજ ૨૪ કલાકમાંથી એક કલાક વ્યકિતએ પોતાના વિકાસ માટે કંઈક નવું જાણવા માટે સમય કાઢવો જોઈએ.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૧૦/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૫૧

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૦-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## જિલ્લાનાં સેંકડો ગામોનાં ખેડૂતોનાં હિતમાં વનમંત્રીને રજૂઆત કરી

# અમરેલીનાં ધારાસભ્યો ઈકોઝોન પ્રશ્ને ગાંધીનગર દોડી ગયા

**ધારી, ખાંભા સહિતનાં તાલુકાનાં ખેડૂતોમાં ઈકોઝોનનાં મુદ્દે વ્યાપક નારાજગી ઉભી થઈ**

**કોંગ્રેસ પક્ષ દ્વારા રજૂઆતોનો દોર શરૂ થયા બાદ સત્તા પક્ષનાં નેતાઓ પણ આવ્યા મેદાનમાં**

**ઈકોઝોનનો કાયદો લાગુ પડે તો વન અધિકારીઓ ખેડૂતોને પરેશાન કરે તેવી દહેશત**

**વનમંત્રીએ વન વિભાગનાં અધિકારીઓ સાથે ચર્ચા કરીને યોગ્ય નિર્ણય કરવા ધરપત આપી**



સાવરકુંડલા, તા. ૭
ઈકોસેન્સિટિવઝોનનેલઈને ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાના ગ્રામીણ ગામડાઓનાંખેડૂતોની રજૂઆતો અન્વયે જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાળા અને ધારી વિધાનસભા બેઠકના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ આજે ગાંધીનગર ખાતે વનમંત્રી મુળુભાઈ બેરા સમક્ષ ઈકો સેન્સિટિવઝોનના કાયદામાં ગામડાઓમાં ખેડૂતોમાં ઊભી થયેલી વિસંગતાને લઈને અમરેલી જિલ્લાના આવતા ગામડાના ખેડૂતો સિંહોના રક્ષક સાથે સિંહોના રખેવાળ હોય. ત્યારે સરકાર દ્વારા સિંહો બચાવવાના અભિગમ સાથે ખેડૂતોને મુશ્કેલીઓ ના પડે અને ખેડૂતોને ઈકો સેન્સિટિવ ઝોનના કાયદાથી નુકસાની

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
નવરાત્રી સ્પેશિયલ ઓફર
₹479/- ₹350/-
છોલે પુરી + છોલે પુરી + 2 મસાલા છાશ + 2 ટ્રિપલ સન્ડે આઈસ્કીમ
શીતલ આઈસ્કીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
તારીખ : 3/10/2024 થી 12/10/2024
સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

ખુબ ખુબ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ



શ્રી હસુભાઈ એન. પોપટ
ચેરમેનશ્રી : નાગરીક બેંક - બાબરા
બાબરા નાગરીક બેંકમાં ચેરમેન તરીકે બીનહરિફ અને સર્વાનુમતે ચુંટાઈ આવતા લોહાણા સમાજનાં ગૌરવ એવા "શ્રી હસુભાઈ નંદલાલભાઈ પોપટ" ને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ.... આપ સહકરી ક્ષેત્રે ખુબ પ્રગતિનાં સોપાન સર કરો તેવી મંગળ કામનાઓ સાથે ફરી શુભેચ્છાઓ..
: શુભેચ્છક :
પ્રમુખશ્રી તથા તમામ ટ્રસ્ટીઓ
લોહાણા મહાજન - બાબરા
શ્રી રઘુવીર સેના - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯ સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

# બાબરામાં શ્રી વડલીવાળી મેલડી મા નાં દર્શન કરતા ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર






બાબરા શ્રી વડલીવાળી મેલડી મા મંદિરે ભાવનગર રેન્જ આઈજીપી ગૌતમ પરમારે પરિવાર સાથે મુલાકાત કરી દર્શન કર્યા હતા. આ તકે મેલડી મા ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા રેન્જ આઈજીપી ગૌતમ પરમારનું સ્વાગત સન્માન કર્યુ હતુ. રેન્જ આઈજીપી દ્વારા મેલડીમા મંદિરમાં ચાલતી નવરાત્રીની વિગતો મેળવી હતી તેમજ અન્ય ધાર્મિક અને સાંમાજિક પ્રવૃત્તિઓ જાણી આનંદ વ્યકત કર્યો હતો. આ તકે સિદ્ધરાજભાઈ ખાચર, પ્રદીપભાઈ ખાદા સહિતના માય સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરના ૩૬૦૦ પરિવારને મળશે મીઠું પાણી

## લીલીયાના ગ્રામપંચાયત દ્વારા 'નલ સે જલ' યોજનાનો ૧૦ % લોકફાળો ભરાતા લોકોમાં આનંદ છવાયો

### ગ્રામજનો સહીત દાતાઓએ આપ્યો લોકફાળો

લીલીયા, તા. ૭

લીલીયા શહેરમાં ગુજરાત સરકારની જલ જીવન મિશન તળે રૂા. ૯ કરોડના ખર્ચે જલ સે જલ યોજનાની કામગીરી કરવામાં આવેલ છે. જે અંતર્ગત હાઉસ કનેકશન માટે ગ્રામ પંચાયતને લોકફાળાની ૧૦ % રકમ ભરવાની થતો હોય ગ્રામ પંચાયતની આર્થીક સ્થિતી ખરાબ હોવાથી ૧૦% લોકફાળો ભરવો મુશ્કેલ હોય તેવા સમયે ગ્રામ પંચાયત સરપંચ જીવનભાઈ વોરાએ શહેરના અગ્રણી આગેવાનો અને દાતાઓ સાથે બેઠક



યોજી લોકફાળો એકત્રીત કરવા ચર્ચા વિચારણા બાદ કવાયત હાથ ધરી લોકફાળો એકત્રીત કરી રૂા. ૯,૯૦,૭૧૦ની રકમ વાસ્મો યોજનામાં જમા કરાવતા તેના પરિણામ સ્વરૂપે શહેરના ૩૬૦૦ પરિવારને ફલોરાઈડ યુકત પાણીની જગ્યાએ મિઠું પાણી મળશે. જેથી ગ્રામજનોમાં આનંદ જોવા મળી રહ્યો છે. અને સરપંચ જીવનભાઈ વોરા સહિત સદસ્યો શુભેચ્છતા આપતા જોવા મળ્યા. તેમ મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.

### આવતીકાલે વાસનિક, શકિતસિંહ ગોહિલ અને અમિત ચાવડાનું આગમન

## અમરેલી જિલ્લામાં ઈકો સેન્સિટિવ ઝોનનાં મુદ્દે કોંગી આગેવાનો ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે ખેડૂતોનાં મુદ્દે આંદોલનની તૈયારી શરૂ કરી



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને ઈકો સેન્સિટિવ ઝોનના કાળા કાયદા સામે ખેડૂતોના વ્હારે કોંગ્રેસ પક્ષ આવશે તેવો રણટંકાર કર્યો હતો અને આગામી ૯ તારીખે અમરેલીના ધારી ખાતે કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શકિતસિંહ ગોહિલ, અમિત ચાવડા સહિતના દિગ્ગજ કોંગી નેતાઓ ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે. ઈકો સેન્સિટિવ ઝોનના કાળા કાયદા સામે કોંગ્રેસ જન આંદોલનના અધ્યાયનો આરંભ કરશે અને ઈકો સેન્સિટિવ ઝોન સામે જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના ગામડાઓ માટે કોંગ્રેસ પક્ષ અવાજ ઉઠાવશે. ખેડૂતોને પડતી યાતના અંગે જૂના ઈકો સેન્સિટિવ ઝોન કાયદામાં શરૂઆતમાં પડેલી મુશ્કેલીઓ અંગે પણ મીડિયા સમક્ષ વાત કરી હતી જેમાં પોતાના ધારાસભ્યના કાર્યકાળ દરમ્યાન કૃષ્ણગઢના ૧ ખેડૂતને વીજપોલ માટે છેક ભોપાલ મંજૂરી લેવી પડી હતી જેનું ઉદાહરણ પ્રેસ કોન્ફરન્સમાં રજૂ કર્યુ હતુ.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ કર્યો ચોંકાવનારો આક્ષેપ

## અમરેલી સહિત અન્ય જિલ્લાનાં ખેડૂતોને ઈકો સેન્સિટિવ ઝોનનાં નામે ખતમ કરવાનો પ્રયાસ

### ઈકોઝોનનાં નામે વન અધિકારીઓ ખેડૂતોને કરશે પરેશાન

અમરેલી, તા. ૭

ભાજપનાં રાજમાં ખેતી–ખેડૂતો દિન પ્રતિદિન ખતમ થઈ રહ્યા છે, ભાજપ સરકાર હંમેશા ખેતી અને ખેડૂત વિરોધી રહી છ, કેન્દ્રની ભાજપ સરકારે ખેડૂતોને ખતમ કરવા માટે ત્રણ કૃષિના કાળા કાયદાઓ લાવ્યા હતા પરંતુ પંજાબ અને હરિયાણાના જાગૃત ખેડૂતોએ કેન્દ્રની ભાજપ સરકાર સામે ૧૪ મહિના સુધી આંદોલન કરીને મોરચો માંડયો હતો. જે આંદોલનમાં ૭૫૦ કરતા વધારે ખેડૂતો શહીદ થઈ ગયા હતા અને ખેડૂતોના આંદોલનના લીધે નરેન્દ્ર મોદીની ભાજપ સરકાર કૃષિના ત્રણ કાળા કાયદાઓ મજબૂર વશ થઈને પર ખેંચવા પડયા હતા, ફરી એકવાર કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે ખેતી અને ખેડૂતોને ખતમ કરવા માટે ઈકોઝોનનાં કાળા કાયદાઓ લાવ્યા છે. આ ઈકોઝોનના કાળા કાયદાઓથી સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી જિલાના ખેડૂતો પ્રભાવિત થવાના છે, આ ઈકોઝોનના કાળા કાયદાઓની અસર અમરેલી જિલ્લાના ૭૨ ગામના ખેડૂતો ઉપર પડવાની છે, આ ઈકોઝોનના કાળા કાયદાઓથી ખેડૂતોને ખેતી કરવી ખૂબ જ મુશ્કેલી બની જવાની છે, ઈકોઝોન વિસ્તારમાં આવતા ગામડાઓના ખેડૂતોને પોતાના ખેતરમાં કૂવો ઊંડો કરવો હોય કે ગાળવો હોય કે બોર કરવો, વાડીએ મજુર માટે ઓરડી કરવી હોય, ઢોર માટે ફરજો કરવો હોય, થ્રેસર હાંકવું હોય વગેરે જેવા નાના–મોટા કાર્યો કરવા માટે જંગલ ખાતાની પરમિશન લેવી ફરજીયાત બની જતી હોય. જેથી કરીને ખેડૂતોને ખેતી કરવી ખૂબ જ મુશ્કેલી જશે. પરિણામે ખેડૂતોને અવાર–નવાર હેરાન કરવામાં આવશે અને ખેડૂતોની સામે ખોટા કેસ દાખલ કરીને જેલમાં પુરવાનું કામ જંગલ ખાતાના અધિકારીઓ ધ્વારા કરવામાં આવશે. માટે ખેડૂત અને ખેતીને બચાવવા માટે કેન્દ્રની ભાજપ સરકાર ઈકોઝોનના કાળા કાયદાઓ પરત ખેંચી લે નહિતર મજબૂર વશ થઈને ખેડૂતોને કેન્દ્રની ભાજપ સરકાર સામે લડવા માટે આંદોલનરૂપી રણશીંગુ ફૂંકવું પડશે તેમ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવ્યું છે.

## અમૃતપુર : પ્રાથમિક શાળા મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકની આવશ્યકતા

અમરેલી, તા. ૭

અમરેલી જીલ્લાના ધારી તાલુકાની અમૃતપુર પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૦૧ના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક જગ્યાઓ પર માનદ વેતનથી સામાન્ય કેટેગરીના ઉમેદવારોની આવશ્યકતા છે. પાત્રતા ધરાવતા ઉમેદવારોએ તેમની અરજી તા. ૨૨ ઓકટોબર, ૨૦૨૪ના રોજ કચેરી સમય દરમિયાન ધારી તાલુકાન મામલતદાર કચેરી ખાતે રજૂ કરવી તેમ ધારી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોયેલ વિકસીત ભારતનાં સ્વપ્નને સાકાર કરવા

## અમરેલી જીલ્લા માહિતી કચેરીનાં પ્રાંગણમાં દેશ માટે સમર્પિત ભાવની સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવાઈ

### નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી પદનાં શપથ લીધા તેના ૨૩ વર્ષ પૂર્ણ

અમરેલી, તા. ૭

ભારત વિકાસ પ્રતિજ્ઞા https://pledge.mygov.in/bharat-vikas પોર્ટલ પરથી પ્રમાણપત્ર મેળવી શકાશે




વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓકટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજયની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ–૨૦૦૧ થી વર્ષ–૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈકિ વિકાસ યાત્રાની સફળ તાની ગાથામાં નાગરિકોને જોડી ઓકટોબર–૨૦૨૪ની તા. ૭થી તા. ૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ' ઉજવણી થશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન–વચન અને કમર્થી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે લેવામાં આવી હતી.

અમરેલી જિલ્લા માહિતી કચેરીના પ્રાંગણમાં જિલ્લા માહિતી કચેરીના વડા નાયબ માહિતી નિયામક અને જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓ દ્વારા સામૂહિક પ્રતિજ્ઞાનું પઠન કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, નાગરિકો ભારત વિકાસ પ્રતિજ્ઞા https://pledge.mygov.in/bharat-vikas પોર્ટલની મુલાકાત લઈ પ્રતિજ્ઞા અંગેનું તેમનું પ્રમાણપત્ર ઓનલાઈન મેળવી શકશે.

# અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળનું પ્રથમ સ્નેહમિલન યોજાયું




સમગ્ર રાજયમાં આહીર સમાજના લોકોની મોટી વસ્તી વસવાટ કરે છે. આહીર સમાજ આજે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જી યુવાનો અને બાળકોના શિક્ષણમાં જાગૃત બની તેના ફળ સ્વરૂપે સરકારના અનેક વિભાગોમાં પોતાના કૌશલ્ય મુજબ સરકારી સેવામાં પોતાનું યોગદાન આપી ફરજ બજાવે છે. અમરેલી જિલ્લામાં પણ આહીર સમાજના સાતસોથી વધુ કર્મચારીઓ જુદાજુદા વિભાગોમાં પોતાની સેવા બજાવે છે. ત્યારે અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહીર સમાજમાં શિક્ષણનુ સ્તર ઉંચુ આવે, સમાજ સંગઠિત થાય, સમાજના વિકાસલક્ષી વિવિધ કાર્યક્રમોનુ આયોજન થાય તેવા શુભ આશયથી આહીર સમાજના આગેવાનોના માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળની રચના ત્રણ માસ પહેલા કરવામાં આવી હતી. રચનાના ત્રણ માસમાં જ સમગ્ર અમરેલી જિલ્લામાંથી ચારસોથી વધુ કર્મચારીઓ આ સંગઠન સાથે જોડાયા હતા અને સંગઠિત સમાજના સૂત્રને સાર્થક કર્યુ હતુ. ત્યારે આ સંગઠનને સમાજસેવામાં વધુ યોગદાન આપે અને વધુ કાર્યશીલ બને તેવા હેતુથી આ સંગઠનના પ્રમુખ એવા ભરતભાઈ ડેરની આગેવાનીમાં ધારીના ગઢીયા (ચાવંડ) ગામે આવેલા રૂદ્રાક્ષ ફાર્મ હાઉસ ખાતે અમરેલી જિલ્લા આહિર કર્મયોગી મંડળનો પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાં વિવિધ સરકારી વિભાગોમાં પોતાની સેવા આપતા કર્મચારીઓ એકબીજાથી પરિચિત થાય તેવા ઉદ્દેશથી નવરાત્રીના તહેવાર સાથે રસગરબાના આયોજનથી માતાજીની ઉપાસના કરી કાર્યક્રમની શરૂઆત કરી મંડળના નિમાયેલા હોદેદારો (ટ્રસ્ટીઓ) ના સન્માન સાથે સમાજના અધિકારીઓના સન્માન કરવામાં આવ્યા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં આ કર્મચારી મંડળ દ્વારા આવનાર સમયમાં કર્મચારી શરાફી મંડળી બનાવવા, સમાજના તેજસ્વી તારલાનુ સન્માનનુ પણ આયોજન, સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોનુ આયોજન કરવા બાબતે ચર્ચા વિચારણા કરાઈ હતી. આવનાર સમયમાં જિલ્લાભરના આહીર કર્મચારીના પરિવાર સાથે મળીને દ્વારકા મુકામે ઈષ્ટદેવશ્રી દ્વારકાધીશના મંદિર પર ધ્વજારોહણનો કાર્યક્રમ પણ આયોજિત થાય તે બાબતે વિચારણા કરાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ધારી સ્થિત ગઢીયા ચાવંડ ખાતે આવેલા રૂદ્રાક્ષ ફાર્મ હાઉસના માલિક રાકેશભાઈ ગરણિયા અને અમરેલી સ્થિત એઈમ્સ હોસ્પિટલના ટ્રસ્ટી કુલદીપભાઈ ભમ્મર દ્વારા સ્પોન્સર બની પોતાની સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં અમરેલી જિલ્લા આહીર સમાજના ઉપ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશભાઈ ગરણિયા, એઈમ્સ હોસ્પિટલના કુલદીપભાઈ ભમ્મર, રૂદ્રાક્ષ ફાર્મ હાઉસના રાકેશભાઈ ગરણિયા, અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળના પ્રમુખ ભરતભાઈ ડેર, હિમાંશુભાઈ કલસરીયા, કિરીટભાઈ જોટવા, જંડુર ભાઈ વાઘ, દીપકભાઈ કોઠીવાળ સહિત આહીર સમાજના વર્ગ એકથી ચારના કર્મચારીઓ અને તેના પરિવાર જોડાયા હતા અને પ્રકૃતિ મય કુદરતી વાતાવરણમાં વિવિધ મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરી સંગઠિત સમાજ, શિક્ષિત સમાજની નેમ સાથે કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

### કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનું નિવેદન

# દેશ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદથી મુક્ત થઈ જશે, લડાઈ અંતિમ તબક્કામાં

## અમિત શાહે દિલ્હીમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે, આજે સોમવારે ડાબેરી ઉગ્રવાદ (LWE) પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા અને વિકાસની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક બાદ ગૃહમંત્રીએ કહ્યું કે, નકસલી વિસ્તારમાં અંતિમ પ્રહાર કરવામાં આવશે. માર્ચ ૨૦૨૬ સુધીમાં અમે નક્સલવાદને ખતમ કરી દઈશું.

તેમણે કહ્યું કે, જો વિકાસને છેલ્લી વ્યક્તિ સુધી પહોંચાડવો હશે તો નક્સલવાદને ખતમ કરવો પડશે. LWE સામે લડવા માટે નકસલ પ્રભાવિત વિસ્તારોમાં કાયદો લાગુ કરવો જરૂરી છે. ૩૦ વર્ષમાં પ્રથમ વખત ડાબેરી ઉગ્રવાદને કારણે માર્યા ગયેલા લોકોની સંખ્યા ૧૦૦થી ઓછી રહી છે.

અમિત શાહે કહ્યું કે ડાબેરી ઉગ્રવાદ સામેની લડાઈ હવે અંતિમ તબક્કામાં છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં આ દેશ દાયકાઓ જૂની નકસલવાદની સમસ્યામાંથી મુક્ત થઈ જશે. LWEની ૮૫ ટકા કેડર તાકાત છત્તીસગઢ સુધી સીમિત રહી છે. છત્તીસગઢમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧૯૪ નકસલવાદીઓ માર્યા ગયા છે, ૮૦૧ નકસલવાદીઓએ શસ્ત્રોનો ત્યાગ કરી ચૂક્યા છે અને ૭૪૨ નકસલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

અમિત શાહે વધુમાં કહ્યું કે હું ફરીથી નક્સલવાદીઓને અપીલ કરું છું કે તેઓ તેમના હથિયાર છોડી દે અને મુખ્ય પ્રવાહમાં જોડાઈ જાય. અમે રાજ્યોમાં રાજ્ય પોલીસ અને જોઈન્ટ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આજે નક્સલવાદી ઓપરેશન માટે ૧૨ હેલિકોપ્ટર છે જેમા ૬ મ્જીહ્વ અને ૬ એરફોર્સના જવાનોને બચાવવા માટે તહેનાત છે. શાહે કહ્યું કે હું છત્તીસગઢના મુખ્યમંત્રી અને તેમની ટીમને અભિનંદન આપવા માંગુ છું કે ઓગસ્ટથી અત્યાર સુધીમાં લગભગ ૧૯૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. જે યુવાનો હજુ પણ નક્સલવાદ સાથે જોડાયેલા છે તેઓને હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં આવવા વિનંતી છે. નક્સલવાદથી કોઈને ફાયદો થવાનો નથી. સરકારી ક્ષમતા નિર્માણ માટે સંયુક્ત અભિયાન શરૂ કરવામાં આવશે. સુરક્ષા સંબંધિત ખર્ચ (SRE) યોજનાના બજેટમાં લગભગ ૩ ગણો વધારો થયો છે, જે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ કાર્યો માટેની મુખ્ય યોજના છે.

નવી દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓ હાજરી આપી હતી.

ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યોને વિકાસ સહાય પૂરી પાડતા મંત્રાલયોના પાંચ કેન્દ્રીય પ્રધાનો પણ આ બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠકમાં કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના વરિષ્ઠ અધિકારીઓ અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

### ગુજરાતમાં ઘુડખરની વસ્તી ૭,૬૭૨ નોંધાઈ

# દુનિયામાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસ્તી ગણતરી કરાઈ

## રાજ્યમાં સૌથી વધુ ૨૭૦૫ જેટલા ઘુડખર સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયા : પાંચ વર્ષમાં અંદાજિત ૨૬ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૭

ઘુડખર સમગ્ર વિશ્વમાં માત્ર ગુજરાતમાં જોવા મળે છે. આ દુર્લભ પ્રાણીના રક્ષણ અને સંવર્ધન માટે કચ્છના નાના રણ તથા આસપાસના પ્રદેશોમાં ઘુડખર અભયારણ્યની સ્થાપના કરવામાં આવેલ છે. ત્યારે ૧૦મી વખત ઘુડખર વસ્તી ગણતરી યોજાઈ હતી. ભારતમાં એક માત્ર ગુજરાતમાં ઘુડખરની વસ્તી ૭,૬૭૨ નોંધાઈ છે. રાજ્યમાં સૌથી વધુ ૨૭૦૫ જેટલા ઘુડખર સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયા છે. વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં જોવા મળ્યા. આમ પાંચ વર્ષમાં અંદાજિત ૨૬ ટકાનો વધારો થયો છે. તો ઘુડખરની સાથોસાથ નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ અને ભારતીય શિયાળ જેવા વન્ય જીવોની ગણતરી પણ યોજાઈ. ગણતરી દરમિયાન કુલ ૧૫,૫૧૦ ચો.કિ.મી. વિસ્તાર આવરી લેવાયો છે.

વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર - પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય- એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૪૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત સહિત ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઓકટોબર દરમિયાન 'વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ' ઉજવવામાં આવે છે ત્યારે, આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

મંત્રી મૂળુભાઈએ જણાવ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં 'Equus heminious khur' અને ''ખુર'' તરીકે પણ ઓળખાય છે. ઘુડખર ગણતરીની વિગતો આપતા વન મંત્રી મૂળુભાઈએ જણાવ્યું હતું કે, ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે.વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ઘુડખર વસ્તી ગણતરી અંદાજે ઉછઁઈ-૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે.

ઘુડખર સાથે સંકળાયેલ અન્ય વન્યપ્રાણીઓની વિગત : (પ્રજાતિ/ સંખ્યા)

નીલગાય : ૨,૭૩૪
જંગલી ભૂંડ : ૯૧૫
ભારતીય સસલું : ૨૨૨
ચિંકારા : ૨૧૪
ભારતીય શિયાળ : ૧૫૩
રણ લોંકડી : ૭૦
ભારતીય લોંકડી : ૪૯
કાળિયાર : ૩૯
ભારતીય ઝરખ : ૧૫
રણ બિલાડી : ૧૧
જંગલી બિલાડી : ૦૪
ભારતીય વરૂ : ૦૨

મંત્રી મુકેશ પટેલે ઉમેર્યું હતું કે, WAPE- ૨૦૨૪ના આયોજનને પૂરી કરવા ગણતરીકારોને ઘુડખર તેમજ અન્ય વન્ય પ્રાણીઓની ઓળખ માટે ખાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ, ગણતરીકારોને પરંપરાગત પદ્ધિતિની સાથે જ, આધુનિક ટેકનોલોજી જેમ કે ડ્રોન કેમેરા, કેમેરાટ્રેપ, ઈ-ગુજ ફોરેસ્ટ મોડ્યુલ જેવા સંસાધનો પણ આપવામાં આવ્યા હતા.

ભારતીય ઘુડખરની ખાસ વિશેષતાઓ એ છે કે, ગુજરાતના આ ઘુડખર રણમાં ૪૫ થી ૫૦ ડિગ્રી જેટલા આકરા તાપમાન વચ્ચે પણ જીવી શકે છે. રણમાં આવેલા ટાપુ પર ઊગતું ઘાસ જ આ ઘુડખરનો મુખ્ય ખોરાક છે. આ ઉપરાંત બદામી રંગના ઘુડખર ખૂબ જ ભરાવદાર હોય છે અને રણમાં ૫૦ થી ૭૦ કિ.મીના પૂરપાટ વેગે દોડી શકે છે. સામાન્ય રીતે ટોળામાં વિચારતા ઘુડખરની પ્રકૃતિ શરમાળ હોવાથી માણસને જોતા જ આ પ્રાણીઓ નાસવા લાગે છે. ગુજરાતના એવા ગૌરવ એવા આ દુર્લભ પ્રાણીઓના સંરક્ષણની જવાબદારી સરકારની જ નહિ સાથે-સાથે સૌ નાગરિકોની પણ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર- ૨૦૦૮ની રીપોર્ટ મુજબ ઘુડખર બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળતા હોવાથી વન્યજીવ રક્ષણ અધિનિયમ ૧૯૭૨ના શીડ્યુલ- ૧માં તેને આરક્ષિત કરવામાં આવ્યા છે. IUCNના થ્રેટંડ સ્પીસીસની યાદીમાં ઘુડખરને એન્ડેજર્ડ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. તેને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા ઘુડખરને લુપ્ત થતા બચાવવા અને તેમનું સંરક્ષણ કરવા અનેક કામગીરી કરવામાં આવી છે. જેના પરિણામે ઘુડખરની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ઘુડખર વસ્તી ગણતરી અંદાજ મુજબ વર્ષ ૧૯૭૬માં ૭૨૦ ઘુડખર, વર્ષ ૧૯૮૩માં ૧૯૮૯, વર્ષ ૧૯૯૦માં ૨૦૭૨, વર્ષ ૧૯૯૯માં ૨૮૩૯, વર્ષ ૨૦૧૪માં ૪૪૫૧, વર્ષ ૨૦૨૦માં ૬૦૮૨ ઘુડખર નોંધાયા હતા. જે વર્ષ ૨૦૨૪માં વધીને ૭૬૭૨ જેટલા ઘુડખર નોંધાયા છે.

### ભારતમાં પગ મૂકતા જ માલદીવના રાષ્ટ્રપતિના સૂર બદલાયા

# માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય

## ભારત માલદીવનું મૂલ્યવાન ભાગીદાર અને મિત્ર છે, અમારા સંબંધો પરસ્પર આદર અને સામાન્ય હિતો પર આધારિત છે : મુઈઝુ

નવી દિલ્હી, તા.૭

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની ચાર દિવસીય મુલાકાતે દિલ્હી પહોંચી ગયા છે. ભારત પહોંચ્યા પછી તેમનો સ્વર બદલાઈ ગયો હોય તેવું લાગે છે. ચીનના સમર્થક મુઈઝુએ ભારત પ્રત્યે પોતાની વફાદારી બતાવીને ચીનને સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય.

માલદીવ હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. આ સંકટને દૂર કરવા માટે, રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારત સાથે તેમના સંબંધો પુનઃસ્થાપિત કરવામાં વ્યસ્ત છે. આ જ કારણ છે કે ચીનના ગુણગાન ગાવા છતાં તે ભારતને પ્રાધાન્ય આપી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. માલદીવે ભારતીય સૈનિકોને પાછા ફરવાનું કહ્યું હતું. આ સાથે જ માલદીવના મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી.

ગઈ કાલે રાષ્ટ્રપતિ મુઈઝુએ કહ્યું હતું કે ચીન સાથે માલદીવના સંબંધોથી ભારતની સુરક્ષાને કોઈ ખતરો નહીં હોય. એક અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, 'માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય. ભારત માલદીવનું મૂલ્યવાન ભાગીદાર અને મિત્ર છે. અમારા સંબંધો પરસ્પર આદર અને સામાન્ય હિતો પર આધારિત છે. અમે તમામ ક્ષેત્રોમાં અન્ય દેશો સાથે અમારો સહયોગ વધારીએ છીએ અને અમે એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે અમારી ક્રિયાઓ અમારા ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા સાથે ચેડા ન કરે.

મુઈઝુને ભારતીય સૈનિકો પાછા ખેંચવા અંગે લેવામાં આવેલા નિર્ણય અંગે પણ સવાલ કરવામાં આવ્યો હતો, જેના પર તેણે કહ્યું કે સ્થાનિક પ્રાથમિકતાઓ પર વિચાર કરવો જોઈએ. તેમણે કહ્યું, 'માલદીવ અને ભારત હવે એકબીજાની પ્રાથમિકતાઓ અને ચિંતાઓને સારી રીતે સમજે છે. માલદીવના લોકોએ મને જે કરવાનું કહ્યું તે મેં કર્યું. તાજેતરના ફેરફારો ઘરેલું પ્રાથમિકતાઓને પ્રાથમિકતા આપવાના અમારા પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. ભૂતકાળના કરારોની અમારી સમીક્ષાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે તે આપણા રાષ્ટ્રીય હિતો સાથે સુસંગત છે અને પ્રાદેશિક સ્થિરતામાં સકારાત્મક યોગદાન આપે છે. તેમણે કહ્યું કે ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો મજબૂત રહ્યા છે અને તેમની મુલાકાતથી વધુ મજબૂત થશે. દેવું ચૂકવવામાં અસમર્થતાને કારણે માલદીવ નાદારીના તબક્કામાં પહોંચી ગયું છે. તેની વિદેશી મુદ્રા ભંડાર ઘટીને $440 મિલિયન થઈ ગયો છે. મુઈઝુ ગયા વર્ષે તેમના ''ઈન્ડિયા આઉટ'' અભિયાનનો ધ્વજ ઊંચકીને સત્તામાં આવ્યા હતા. તાજેતરમાં જ તેઓ અમેરિકા ગયા હતા, જ્યાં તેમણે કહ્યું હતું કે માલદીવમાં વિદેશી સૈનિકોની હાજરીથી તેમને સમસ્યા છે, પરંતુ તેઓ કોઈ દેશની વિરુદ્ધ નથી.

### બિહારના રાજકારણમાં હડકંપ

# ભાજપે તેજસ્વી યાદવ પર લગાવ્યો ચોરીનો આરોપ

## તેજસ્વી પર સરકારી આવાસ ખાલી કરતી વખતે ત્યાંથી નળ, એસી અને સોફા જેવી ચીજો તેમની સાથે લઈ જવાનો આરોપ

પટણા, તા.૭

બિહારના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. ભાજપે આરજેડી નેતા તેજસ્વી યાદવ ચોરીનો આરોપ લગાવતાં બિહારનું રાજકારણ ગરમાયું છે. બિહારના પૂર્વ ઉપ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ પર સરકારી આવાસ ખાલી કરતી વખતે ત્યાંથી પાણીની નળ, એસી અને સોફા જેવી ચીજો તેમની સાથે લઈ જવાનો આરોપ લાગ્યો છે.

તેજસ્વી યાદવ પર આ આરોપ બિહારના વર્તમાન ઉપ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના અંગત સચિવ શત્રુઘન કુમારે લગાવ્યો છે. તેણે દાવો કર્યો કે સરકારી બંગલામાંથી એક સોફો, કુંડા અને એસી ગાયબ છે. આરોપો બાદ બિહારના રાજકારણમાં ફરી ગરમાવો આવ્યો છે.

બિહાર ભાજપના મીડિયા પ્રભારી દાનિશ ઈકબાલે પણ તેજસ્વી સામે આવો જ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, અમે આરોપ નથી લગાવતાં પણ કેમેરા પર પુરાવા બતાવી રહ્યા છીએ. તેજસ્વી યાદવે તેનો જવાબ આપવો જોઈએ. તેજસ્વી યાદવે રવિવારે સરકારી આવાસ ખાલી કર્યું હતું, જે ભાજપ નેતા સમ્રાટ ચૌધરીને ફાળવવામાં આવ્યું હતું.ભાજપના આરોપને લઈ આરજેડીએ હલકી રાજનીતિ કરવાનો આરપ લગાવ્યો છે. આરજેડી પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ કહ્યું, તેજસ્વીએ તેને ઉપ મુખ્યમંત્રી તરીકે ફાળવવામાં આવેલો બંગલો ખાલી કરી દીધો છે. ભાજપ હલકી રાજનીતિ કરી રહ્યું છે. ભાજપ તેજસ્વી ફોબિયાથી પીડાય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં નીતીશ કુમારે એનડીએ સાથે છેડો ફાડીને મહાગઠબંધન સાથે મળીને સરકાર બનાવી હતી ત્યારે તેજસ્વીને ડેપ્યુટી સીએમ પદ મળ્યું હતું. પરંતુ નીતશ કુમારે ફરી એક વખત પાટલી બદલતાં તેની પાસેથી પદ અને બંગલો બંને છીનવાઈ ગયું હતું.

### અનેક નાના વેપારીઓને થઈ રહી છે આવક

# નવરાત્રીનો તહેવાર મંદિર નજીકના દુકાનદારો માટે સંજીવની બન્યો છે

## બેથી અઢી મહિનામાં જેટલી પૂજાની સામગ્રીનું વેચાણ થાય છે તે આ નવ દિવસમાં જ થઈ જતા વેપારીઓ ખુશ

સુરત, તા.૭

સુરતમાં ૩જી ઓક્ટોબરથી શરુ થયેલો નવરાત્રીનો તહેવાર મંદિરની આસપાસના વેપારીઓ માટે સંજીવની સાબિત થઈ રહ્યો છે. નવરાત્રી દરમિયાન સુરતીઓ વધુ ધાર્મિક બને છે અને માતાજીની આરાધના કરે છે તેના કારણે મંદિરની આસપાસના વેપારીઓની મંદી ઓછી થઈ આવક વધી રહી છે. બેથી અઢી મહિનામાં જેટલી પૂજાની સામગ્રીનું વેચાણ થાય છે તે આ નવ દિવસમાં જ થઈ જતું હોવાથી વેપારીઓ ખુશ થઈ રહ્યાં છે.

શ્રાવણ મહિના સાથે જ શરુ થતાં હિન્દુઓના તહેવારો ભારતના અર્થતંત્રને જીવંત રાખવા માટેનું પ્રતીક બની રહ્યાં છે. શ્રાવણ માસથી હિન્દુઓના તહેવારો શરૂ થતાં જ લોકોમાં ધાર્મિક વૃત્તિ વધે છે તેથી શ્રાવણ માસ થી દિવાળી સુધીના તહેવાર વેપારીઓ માટે આર્શિવાદ સમાન સાબિત થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી માર્કેટમાં મંદીની બુમ સાંભળવા મળતી હતી, પરંતુ શ્રાવણ માસની શરૂઆત સાથે જ ધીમે-ધીમે મંદીનો માહોલ ઓછો થઈ રહ્યો છે. તેમાં પણ મંદિર કે ધાર્મિકતા સાથે સંકળાયેલા વેપારમાં આ દિવસોમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

નવરાત્રી પહેલા દિવડા અને માતાજીની માટલી ( ગરબી) બનાવતા નાના વેપારીઓના ધંધા માં પ્રાણ ફુંકાયા હતા અને તેમને રોજીરોટી મેળવી હતી. ઉપરાંત હાલ શરૂ થયેલી નવરાત્રી માતાજીના મંદિરની આસપાસ ના વેપારીઓ માટે રાહતના સમાચાર લાવી છે. પહેલા નવરાત્રી થી જ માતાજીના મંદિરોમાં ભક્તોની ભીડ જામી રહી છે. માતાજીના દર્શન માટે જતાં ભક્તો માતાજીની પૂજા માટે શ્રીફળ ફુલ, હાર, કંકુ પ્રસાદ અને માતાજીના શણગાર લઈને મંદિરે જાય છે. નવરાત્રી દરમિયાન માતાજી ના મંદિરે આવનારા ભક્તોની ભીડ વધુ હોય છે તેથી મંદિર નજીકના દુકાનદારોને સારો એવો વકરો થઈ રહ્યો છે. શહેરમાં માતાજીના મંદિરની નજીક ફુલ- પ્રસાદી અને ચુંડળીનું વેચાણ કરતા વેપારી કહે છે, શ્રાવણ મહિના પહેલાં અમારા ધંધામાં કોઈ ખાસ ઘરાકી રહેતી નથી રવિવારે જાહેર રજાના દિવસે મંદિરોમાં ભક્તો આવતા હોય છે. પરંતુ હાલ નવરાત્રી શરૂ થઈ છે ત્યારથી સુરતમાં માતાજીના મંદિરમાં ભક્તોનો મેળો જામતો હોય તેવો માહોલ છે.

સુરતમાં મંદિરની નજીક પ્રસાદી, પેંડા કે શણગાર સાથે અન્ય વસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓ કહે છે બેથી અઢી મહિનામાં જેટલું વેચાણ થતું હોય તેટલું વેચાણ આ નવ દિવસમાં થઈ જાય છે તેથી મંદી માં ફસાયેલા નાના વેપારીઓ માટે આ તહેવાર માતાજી ના આર્શીવાદ થી ઓછો નથી કહેવાતો.

આ ઉપરાંત આ નવરાત્રી દરમિયાન માતાજી ના ફોટા, તાંબા પિત્તળના વાસણો અને ચુંદડી અને સાડીનું પણ વેચાણ વધી જાય છે. આમ માતાજીના મંદિરની આસપાસ જે લોકો ધાર્મિક વસ્તુ નો ધંધો કરે છે તેઓને પણ સારો ધંધો થઈ રહ્યો છે. માતાજીને ચઢાવવા માટે બંગડી-સાડી સહિત નો શણગાર સામાનનું વેચાણ પણ વધી રહ્યું છે. આમ માતાજીના મંદિરની આસપાસ ના વેપારીઓ માટે નવરાત્રી શુકનિયાળ બની જાય છે તેમની આ ઘરાકી દિવાળી સુધી રહેતી હોવાથી નાના ધંધાને જીવતદાન મળી રહ્યું છે.

### કોંગ્રેસે ઉઠાવ્યા સવાલ

# કચ્છમાં ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઈન ઝડપાયું

## યુવાઓને બરબાદ કરનાર કોકીન સતત ગુજરાતમાં મળે છે, ભાજપ સરકારને ચિંતા નથી : શક્તિસિંહ ગોહિલ

કચ્છ,તા.૭

ગુજરાતમાંથી નશીલા પદાર્થ ઝડપાવાનો ક્રમ શરૂ જ છે. કચ્છમાંથી ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઈન ઝડપાયું છે. પોલીસે મળેલી બાતમીના આધારે સરક્રીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં રવિવારે રાત્રે કોકોઈનના ૧૦ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂ. ૧૨૦ કરોડ છે.

પૂર્વ કચ્છના એસપી સાગર બાગમરના જણાવ્યા અનુસાર, બાતમીના આધારે ગાંધીધામ બી ડિવિઝન પોલીસને ખારીરોહર સીમમાં આવેલા તળાવ નજીક બાવળની ઝાડી નીચે બિનવારસી હાલતમાં ૧૦ પેકેટ કોકેઈનના મળી આવ્યા હતા. જેમાં અંદાજિત ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન ઝડપ્યું છે. અહીંથી સમુદ્રની ખાડી માત્ર દોઢેક કિલોમીટર દૂર છે. તેથી કોઈ દાણચોરો દ્વારા તેને લાવવામાં આવ્યું હોઈ શકે છે.

આ પહેલા ગત વર્ષે ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ગાંધીધામ પોલીસે અહીંથી થોડે દૂર મીઠીરોહર સીમમાંથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આ વર્ષે ૪ જૂન ૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર HPCL પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત છ્જીએ પણ બિનવારસી હાલતમાં પડેલું ૧૩ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આમ, છેલ્લાં એક વર્ષમાં ત્રણ વખત એક જ પટ્ટામાંથી અંદાજિત ૧૦૫ કિલોગ્રામ કોકેઈનના પેકેટ કબજે કરાયાં છે. જોકે એકપણ કિસ્સામાં આ પેકેટ અહીં કોણ નાખી ગયું તે જાણી શકાયું નથી. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કચ્છમાંથી ડ્રગ્સ મળવાની ઘટનાને લઈને ભાજપ સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું, ગુજરાતના કચ્છ જિલ્લામાં ૧૨ કિલોગ્રામ કોકીનથી ભરેલા ૧૦ પેકેટ મળ્યા છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૨૦ કરોડ રૂપિયા છે. યુવાઓને બરબાદ કરનાર કોકીન સતત ગુજરાતમાં મળે છે. ભાજપ સરકારને ચિંતા નથી. શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા છે?

### અકસ્માતમાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા

# અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર અકસ્માત સર્જાયો, ૪ના મૃત્યું

## બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા : ૧૫ ઈજાગ્રસ્તોને પાલનપુર સારવાર માટે મોકલવામાં આવ્યા

અંબાજી, તા.૭

રાજયમાં અકસ્માતોના બનાવો દિવસે અને દિવસે વધી રહ્યા છે જેણે લીધી મૃત્યુ પણ વધારે થઈ રહ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. યાત્રાધામ અંબાજી નજીક ત્રિશુલિયા ઘાટ પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી લકઝરી બસને અકસ્માત નડ્યો હતો. દાંતા અને અંબાજી વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૪ લોકોના મૃત્યુ અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે. બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. આ દૂર્ઘટનામાં ૨૫થી વધુ મુસાફરોને ઈજા થઈ હતી. ૧૫ ઈજાગ્રસ્તોને પાલનપુર સારવાર માટે મોકલવામાં આવ્યા છે.ખેડા જિલ્લાના કઠલાલના ભકતો અંબાજી મા અંબાના દર્શન કરીને પરત ફરતા હતા આ દરમિયાન ત્રિશુલીયા ઘાટ પર લકઝરી બસના ડ્રાઈવરે બસ પરથી કાબુ ગુમાવ્યો હતો જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ડિવાઈડરની રેલિંગ પણ તૂટી ગઈ હતી. બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. બસમાં સવાર ૨૫થી વધુ લોકોને ઈજા પહોંચી છે. પાલનપુર, દાતા, અંબાજી સહિતની એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી ગયા છે. સ્થાનિકોએ ૧૦૮ અને પ્રાઈવેટ વાહનોમાં ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. ૭ લોકો ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બસ ડ્રાઈવરે નશો કર્યો હોવાનું મુસાફરોએ જણાવ્યું હતું. બસ ડ્રાઈવરે પૂરપાટ ઝડપે વળાંક પર ટર્ન મારતો હતો. આ દરમિયાન સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રોડની સાઈડમાં બનાવેલી લકસરી બસ પ્રોટેક્શન વોલને ટકરાઈ હતી. જોકે જેના લીધે સદનસીબે બસ ખીણમાં ખાબકતાં બચી ગઈ હતી. જો બસ ખીણમાં ખાબકી હોત તો આ મૃત્યુઆંક વધી પહોંચ્યો હતો. ખેડા જિલ્લાના કઠલાલ ગામના માઈભક્તો દર્શન કરીને પરત જતા અકસ્માતનો ભોગ બન્યા હતા. ત્યારે મુસાફરોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરે નશો કર્યો હતો અને બેદરકારી રીતે બસ હંકારતો હતો. પ્રાથમિક તબક્કે મળતી માહિતી અનુસાર બસ ડ્રાઈવરે નશો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. બચાવકાર્ય શરૂ કરી મુસાફરોને બસની બહાર કાઢવામાં આવી રહ્યા છે. બસમાં સવાર કઠલાલ ગામના જીતુભાઈએ જણાવ્યું હતું કે, અમે અંબાજીથી સવારે આવી રહ્યા હતા ને અકસ્માત થયો હતો. વળાંકમાં ડ્રાઈવર કટ મારતો હતો અને અકસ્માત થયો, આમાં ડ્રાઈવરનો જ વાંક હતો. અમે ૫૦થી ૫૨ લોકો સવાર હતા. અંબાજી PI આર.બી. ગોહિલે દુર્ઘટના અંગે જણાવ્યું હતું કે, ખેડા-નડિયાદના દર્શનાર્થીઓ ગઈકાલે અંબાજી ખાતે દર્શન કરવા આવ્યા હતા અને આજે સવારે બસમાં બેસી પરત જઈ રહ્યા હતા. ત્યારે ત્રિશૂલિયા ઘાટ ઉતરતા હનુમાન મંદિર પાસે બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવી દેતા બસ રોડથી નીચે ઉતારી પલટી ખવડાવી દીધી હતી. બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. સ્થાનિકોએ ૧૦૮ અને પ્રાઈવેટ વાહનોમાં ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે.

# સાવરકુંડલામાં સરકારી પ્રાથમિક કન્યાશાળા બ્રાંચ શાળા નંબર – ૨ માં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



આજરોજ બ્રાન્ચ શાળા નંબર – ૨ કન્યા શાળામાં ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં રંગોત્સવ દરમિયાન કન્યા શાળાની ૨૦૦ જેટલી દીકરીઓમાંથી ૧૫૦ જેટલી દીકરીઓને ગોલ્ડન, સિલ્વર, અને બ્રોન્ઝ મેડલ્સ તેમજ સરપ્રાઈઝ ગિફ્ટ તેમજ ટ્રોફી પ્રાપ્ત થઈ જેનું આજરોજ ઈનામ વિતરણ કરવામાં આવેલું તેમ જ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રેવંતીબેન લાધવા અને મનુભાઈ દ્વારા પણ બાળ કોને વન્ય પ્રાણી સંરક્ષણ અંતર્ગત માર્ગદર્શન તેમજ માહિતી આપેલી તે ઉપર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું જેનું ઈનામ વિતરણ પણ આજરોજ તેઓ દ્વારા કરવામાં આવેલું. આ ઉપરાંત CWSN શિક્ષક અજયભાઈ મહેતા દ્વારા શાળ ાની ૪૦૦ દીકરીઓને સ્ટીલની ચમચીઓ માટે ૧૫૦૦ રૂપિયાનું દાન કરવામાં આવેલ હતું. તમામનો આચાર્ય ભારતીબેન દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

### નાયબ દંડક વેકરિયાનાં વરદ હસ્તે

## અમરેલી : દેવભૂમિ દેવળીયા ખાતે એમ.વી.સી.સી. કેબલની કામગીરી શરૂ

### સરપંચ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૭

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ ઉપદંડક કૌશિકભાઈ વેકરિયાના વરદ હસ્તે APMC JGY ફીડરમાં MVCC કેબલ નાખવાની કામગીરીનો શુભારંભ દેવભૂમિ દેવળીયા ગામથી કરવામાં આવેલ છે.



સદર શુભ પ્રસંગે દેવભૂમિ દેવળીયા ગામના સરપંચ નાથાભાઈ સુખડીયા, PGVCL ના કાર્યપાલક ઈજનેર નાયબ ઈજનેર તેમજ તમામ ગ્રામજનોએ હાજરી આપી પ્રસંગને દીપાવી દીધેલ. MVCC કેબલ PGVCL ના કાર્યપાલક ઈજનેર બી.પી.રાડા ગ્રામજનોને સમજણ આપેલ અને તેના લાભો વિષે વાકેફ કરેલ હતાં. ગામના સરપંચ નાથાભાઈ સુખડીયાએ અમરેલી તાલુકામાં MVCC કેબલની સૌપ્રથમ કામગીરીનો પ્રારંભ દેવભૂમિ દેવળીયા ગામથી થવા બદલ કૌશિકભાઈ વેકરીયાનો ખુબ ખુબ આભાર માનેલ.

કૌશિકભાઈ વેકરીયાએ તેમના વકતવ્યમાં લોકદરબારના તમામ પ્રશ્નો પુરા કરવાનું વચન આપેલ તે આજરોજ ઉદ્ઘાટન કરી પૂર્ણ કરેલ હોય તેની જાણ કરેલ તેમજ હરહંમેશ ગામના તમામ સાચા પ્રશ્નોમાં ગ્રામજનો સાથે મદદમાં ઉભા રહેવાનું વચન આપેલ.

### આગામી ૯ ઓક્ટોબરનાં રોજ

## ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાશે

### પૂ. રણછોડદાસજીબાપુ હોસ્પિટલનાં સહયોગથી કેમ્પ થશે

ચલાલા, તા. ૭

ચલાલા–વિવિધ સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર ધારી રોડ ચલમાલા ખાતે આગામી તા. ૯/૧૦/૨૪ બુધવારના રોજ ૨૭૧મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરની ટીમ સેવા આપશે.

ગાયત્ર પરિવાર સાવરકર નગર શાળા – નાસિક હસ્તે. જયશ્રીબેન બિપીનચંદ્ર કાયલીયાના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મુકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિના મુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સ્થાન વડા પૂ.ડો.રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

### હાઈકૂલનાં અમુક શિક્ષકો પદાધિકારીઓ હોવાથી બાળકોનાં અભ્યાસ પર અસર

## બગસરા મેઘાણી હાઈસ્કૂલનાં અનિયમિત શિક્ષકો સામે કાર્યવાહીની જવાબદારી આચાર્યની છે : પાલિકા પ્રમુખ

### અમુક શિક્ષકો પદાધિકારીઓ હોવાથી શાળાએ નિયમિત આવતા નથી : પૂર્વ પાલિકા પ્રમુખ

બગસરા, તા. ૭

બગસરા નગરપાલિકા સંચાલિત મેઘાણી હાઈસ્કુલના અમુક શિક્ષકોભાજપનાપદાધિકારીઓહોવાથી શાળાએનિયમિતઆવતાનહોવાથીઆ બાબતે પૂર્વ પાલિકા પ્રમુખ સહિતના આગેવાનોએ આવા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. નગરપાલિકા સંચાલિત મેઘાણી હાઈસ્કૂલમાં અમુક શિક્ષકો ભાજપના જુદા–જુદા હોદ્દા પર હોવાથી શાળામાં પણ પોતાની રાજકીય વગનોઉપયોગકરતાહોયઅનેશાળામાં અનિયમિત હાજરી આપતા હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

આઅંગેપૂર્વપાલિકાપ્રમુખ છગન હિરાણીએ આવા શિક્ષકો સામે રોષ વ્યકતકરી જણાવ્યું હતું કે, ભાજપના કાર્યક્રમમાં બાળકોના અભ્યાસનો વિચાર કર્યા વગર જતા રહે છે, શાળાએ નિયમિત આવતા નથી આવા શિક્ષકોએ ભાજપમાંથી અથવા શિક્ષકમાંથી રાજીનામુ આપી દેવુ જોઈએ.

તો ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલે જણાવ્યું હતું કે, પાલિકા પ્રમુખે હાઈસ્કૂલની મુલાકાત લઈ શિક્ષકોનું હાજરી પત્રક તપાસવુ જોઈએ અને ગુટલીબાજ શિક્ષકો સામે કડક કાર્યવાહી હાથ ધરવી જાઈએ. શિક્ષકો ભાજપના પદાધિકારીઓ હોવાથી શિક્ષણ પર ગંભીર અસર પડે છે.આ અંગે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતું કે, જે શિક્ષકો અનિયમિત હોય તેની સામે કાર્યવાહીકરવાનીજવાબદારીઆચાર્યની છે. આવા શિક્ષકો સામે આચાર્ય રીપોર્ટ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. શિક્ષકોએ રાજકારણમાં રસ ન લેવો જોઈએ શિક્ષકોએ ફકત બાળકોને ભણાવવામાં જ રસ લેવો જોઈએ તેમ અંતમાં જણાવ્યુ હતુ.

## ધરાઈ ગામે નવરાત્રી મહોત્સવની આસ્થાભેર કરાતી ઉજવણી



બાબરા, તા. ૭

બાબરા તાલુકાના ધરાઈ ગામેશકિત ગરબી મંડળ દ્વારા આયોજીત અતિપ્રાચીન ગરબીમા માતાજીની આરતી તેમજ નાની બાળાઓ દ્વારા રોજ રાત્રી દરમ્યાન અલગ–અલગ પ્રકારના યોજવામાં આવે છે માતાજીનું ચોથા દરમ્યાન મુખ્યાજી ગે.વાસી ગુલાબરાય એન જોષી પરિવાર તરફથી તેમની વાર્ષિક પુણ્યતિથિ નિમિતે નાની રાસ રમતી બાળાઓને લાણી કરવામાં આવી. આ તકે શકિત ગરબી મંડળ તેમજ યુવા ક્રિષ્ના ગ્રુપ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા : વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન પ્રદર્શનમાં લાભ લીધો



સાવરકુંડલા, તા. ૭

નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ. કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીની બહેનોએ એસ.વી.એસ. કક્ષા 'ના બાળ વિજ્ઞાન પ્રદર્શન'માં જે. એન. મહેતા હાઈસ્કૂલ – ખાંભા મુકામે ભાગ લીધેલ હતો. કુલ ચાર વિભાગમાં બહેનો દ્વારા ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે. કૃતિ તૈયાર કરાવનાર ગણિત–વિજ્ઞાન શિક્ષક અનિભાઈ બાલધિયા અને મેહુલભાઈ મહેતા તેમજ શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા તથા નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીગણ અને શાળા પરિવારે ખૂબ– ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## બગસરા : શ્રી આપાગીગાની જગ્યામાં નવરાત્રિનો પ્રારંભ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

બગસરા ખાતે સુપ્રસિધ્ધ પૂજય આપાગીગા ગાદી મંદિરમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે માતાજીની આરાધના કરવા પૂજય મહંત જેરામબાપુના વરદ હસ્તે નોરતાના પ્રથમ દિવસે કુળગોર પરેશદાદાના દ્વારા શાસ્ત્રો રીતે પૂજન અર્ચન નિવેદ તેમજ આરતી કરી ભાવપૂર્વક માતાજીની વંદના કરી હતી નવરાત્રી દરમિયાન ડો નળિયાપરા, ડો કાપડિયા, વકીલ ધાંધિયા, સંજયભાઈ નાઢા, ભગુબાપુ ભગત, શેખડાભાઈ જયદીપ, હિરપરા રમેશભાઈ, કાપડિયાપ્રકાશભાઈ, ગઢીયામુકેશભાઈ, ભગત અરવિંદભાઈ પોશિયાન, કુમભાઈ સુધીરભાઈ કરકર, કાનજીબાપા માળવી, ચીમનભાઈ ડોબરીયા, ગોરધનભાઈ માળવી, ઘનશ્યામભાઈ કાપડિયા મગનભાઈ, ઢપાપરા, નિલેશ કાપડિયા વિગેરે ભાવિક ભક્તો રોજ મહાઆરતીનો લાભ લઈ રહ્યા છે આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન લઘુમહંત મનસુખબાપુ તેમજ પૂજારી રાજુબાપુ સંભાળી રહ્યા છે.

### જીલ્લા રઘુવીર સેના દ્વારા થયું આયોજન

## અમરેલી ખાતે આગામી શનિવારે રઘુવંશી સમાજ દ્વારા શસ્ત્ર પુજન યોજાશે

### જિલ્લાભરના રઘુવંશીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ

ચલાલા, તા. ૭

વિજયાદશમી એટલે દશેરાના પવિત્ર દિવસ નિમિતે ગયા વર્ષની જેમા આ વર્ષે પણ અમરેલીમાં અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા ફકત જીલ્લાભરના રઘુવંશી સમાજના લોકોનું સમુહ શસ્ત્ર પુજાનું ભવ્ય આયોજન તા. ૧૨/૧૦/૨૪ શનિવારના બપોરના ૨ કલાકે સોનીજ્ઞાતીની વાડીમાં રાખેલ છે. વધુમાં જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માનસેતા અને શહેર પ્રમુખ પિયુષભાઈ સોનપાલે જણાવ્યું છે. આ શસ્ત્રપુજા કાર્યક્રમમાં જીલ્લાભરના જે રઘુવંશી ભાઈઓ અને યુવાનો ઉપસ્થિત રહેશે તેને બધાને સમુહમાં કેસરી સાફો બધાંવવામાં આવશે ત્યાર બાદ સમુહ શસ્ત્ર પુજન કરવામાં આવશે. વિરદાદાનું સરાજની



અને ભારતમાતાના જય ઘોષ સાથે રઘુવંશીઓ શાસ્ત્રલોક વીધી સાથે પોતાના શસ્ત્રનું પુજન કરશે જીલ્લા રઘુવંશી સમાજને એક ત્વંતણ બાંધવાની અને સંગઠન અને સુખાકારી માટે કાયમ ચિંતિંત એવા જીલ્લા રઘુવીશ પ્રમુખ વિશાલભાઈ સોઢાએ જીલ્લાભરના રઘુવંશીભાઈઓ અને યુવાનોને' શસ્ત્રપુજા'માં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી સાથે અનુરોધ કરેલ છે. આ રઘુવંશી શસ્ત્રપુજાના કાર્યક્રમને સફળ બનાવવા માટે જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢાના માર્ગદર્શન નીચે ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માન સેતા, પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરૂપ, અંકુશ ભાઈ ખખ્ખર, પિયુષભાઈ સોનપાલ, રવિભાઈ ભિમજીયાણી સહિત શહેર રઘુવીર સેનાના હોદેદારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જીલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### લુહાર જ્ઞાતી સમાજ વાડી ખાતે

## સાવરકુંડલા ખાતે સર્વજ્ઞાતી સમાજ માટે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### મૂળદાસ સેવા ટ્રસ્ટ દ્વારા થયું આયોજન



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેરમાં નદી કાંઠે આવેલ લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે મૂળદાસ સેવા ટ્રસ્ટ આયોજિત સર્વજ્ઞાતિ માટે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ સર્વરોગ નિદાન કેમ્પમાં તપાસ અને દવા પણ વિનામૂલ્યે આપવામાં આવેલ રાજકોટના પ્રખ્યાત ડોકટર ડો. સંદીપ હરસોરા–એમ. ડી. એફ. સી. સી. એમ. એફ. સી. સી એસ. સી.સી. ઈ. બી. ડી. આઈસીયુના નિષ્ણાત ક્રિટિકલ ડોકટર બી.પી.ડાયાબિટીસ એલર્જી, શરીરમાં નબળાઈ, શરદી, ઉધરસ, તાવ પક્ષઘાત, ફેફસાંના રોગો ગળાની તકલીફ હદય રોગનો હુમલો, ભૂખના લાગવી ઝેરી દવા પીનારાની સારવાર વગેરે દર્દોની સારવાર તેમજ ડો. નયન ચૌહાણ એમ એસ ગાયનેક ગર્ભાવસ્થાની તપાસ તથા તેની તકલીફ અંગેની સારવાર વગેરે સ્ત્રીરોગ લગતાં દર્દોની તપાસ કરવામાં આવેલ. આ કેમ્પ ગતરોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થયો હતો. આ કેમ્પનો શહેરના ઘણા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દરમિયાન જ્ઞાતિ પ્રમુખ કનુભાઈ સોલંકી, ઉપપ્રમુખ જયસુખભાઈ વાળા, દિનેશભાઈ પરમાર, પ્રકાશભાઈ વાળા, અનિલભાઈ ચૂડાસમા, અલ્પેશભાઈ મકવાણા, મહેશભાઈ ડોડીયા, ભાવેશભાઈ કવા, કિરીટભાઈ ચિત્રોડા, અનિલભાઈ એમ ચુડાસમા નગરપાલિકા સદસ્ય મંજુલાબેન ચિત્રોડા તેમજ કારોબારી હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા ઉપસ્થિત તમામ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સાવરકુંડલા ખાતે જીલ્લા ટ્રાફિક શાખા દ્વારા ટ્રાફિક જાગૃતિ સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા. ૭

નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ. કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં ટ્રાફિક જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિત્ર સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન શાળાના શિક્ષિકા તૃપ્તિબેન પાનસુરીયા અને તૃપ્તિબેન ભરાડે કર્યુ હતું. બંને સ્પર્ધામાંથી શ્રેષ્ઠ ચિત્ર અને શ્રેષ્ઠ વકૃત્વ પસંદ કરી બંને સ્પર્ધાઓમાંથી ત્રણ ક્રમાંક આપવામાં આવ્યા હતા ત્યારબાદ શાહ અને ગોહિલ દ્વારા રોડ સેફટીને વિશે વિસ્તૃત માહિતી



આપવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયાએ પણ ૧૮ વર્ષ પહેલા વાહન ન ચલાવવાની સલાહ આપી. આ કાર્યક્રમનું સંચાલન તૃપ્તિબેન ભરાડે કર્યુ હતું. શાળાના સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમના અંતમાં શાહ રોડ સેફટીની સૌને પ્રતિજ્ઞા લેવડાવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું

## બસ પોર્ટનાં શોપિંગ સેન્ટરમાં ગ્રાહકોની સુવિધા અર્થે

# અમરેલી ખાતે હરિઓમ ડેરી ફાર્મનું દબદબાભેર નવ પ્રસ્થાન

**ડેરી ફાર્મમાં જે નફો થશે તેનો એક ટકો દર વર્ષે સારહિ તપોવન આશ્રમને અર્પણ કરી દેવાનો નિર્ણય**

**હરિ ઓમ ડેરી ફાર્મની નિકોલ અને બોપલ ખાતે પણ શાખા શરૂ કરવામાં આવી**

**જિલ્લાની સ્વાદપ્રિય જનતા માટે હરિ ઓમ ડેરી ફાર્મ ઉત્તમ સેવા પુરી પાડે છે**

**ઇફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી સાંસદ રૂપાલા, નાયબ દંડક વેકરિયા સહિતના આગેવાનોએ શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા.૭

સ્વાદ, સોડમ અને સવલતમાં હરિઓમ ડેરીએ અમરેલીનાં સીમાડા વટાવીને સ્વાદપ્રિય જનતાને કવોલેટીનો પરિચય આપ્યો છે. તેમ હરિઓમ ડેરી ફાર્મનાં નવપ્રસ્થાનવેળા શુભકામના પાઠવતા રાષ્ટ્રિય સહકારી અગ્રણી – પૂર્વ કેબીનેટ મંત્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. વધુમાં જણાવેલ કે, વ્યવસાયમાં નફો એ વ્યવસાયનો ભાગ છે. પરંતુ તે નફાને સેવાપ્રવૃતિમાં વાળવો કઠીન છે તેવા સમયે હરિભાઈ બાંભરોલીયા, અનિલભાઈ બાંભરોલીયા તરફથી તપોવન આશ્રમને નફાનો એક ટકો આજીવન સારહી તપોવન આશ્રમને સમર્પિત કરવાનો નિર્ણય પ્રેરણાદાયી અભિનંદનને પાત્ર છે તેમ જણાવી બિરદાવેલ હતો. હરિઓમ ડેરી ફાર્મ અમરેલી ઉપરાંત અમદાવાદમાં નિકોલ તથા બોપલ ખાતે બે બ્રાન્ચો શરૂ કરી તે નોંધનીય બાબત છે. નવા બસ સ્ટેન્ડ ખાતે નવપ્રસ્થાન વેળા દિલીપ સંઘાણી, રાજકોટનાં સાંસદ પરશોતમભાઈ રૂપાલા, નાયબ મુખ્ય દંડક– ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિત સામાજીક, રાજકીય, સેવાકીય પ્રવૃીત કરતા આગેવાનો દ્વારા શુભેચ્છા મુલાકાત કરવામાં આવેલ હતી. પી.પી.સોજીત્રા, વસંતભાઈ મોવલીયા, વિરજીભાઈ ઠુમ્મર, ડી.કે.રૈયાણી, દિનેશભાઈ ભુવા, બિપીનભાઈ લીંબાણી, પ્રાગજીભાઈ કાલરીયા, કાળુભાઈ પાનસુરીયા, કાળભાઈ સંઘાણી, જેન્તીભાઈ સંઘાણી, કાળુભાઈ તારપરા, પત્રકાર જગત, પીન્ટુભાઈ કરૂન્દલે, રોહીતભાઈ જીવાણી, વિજયભાઈ મહેતા, તેજસભાઈ ત્રિવેદી, ચંદુભાઈ રામાણી, ડેનીભાઈ રામાણી, ડો.ભરતભાઈ કાનાબાર, તુષારભાઈ જોષી, હકુભાઈ ચૌહાણ, સંજયભાઈ વણજારા, બિરજુભાઈ અટારા, મહેશભાઈ ધોળકીયા, હાર્દિકભાઈ સેંજલીયા, મનીષભાઈ ધરજીયા, ઉદયનભાઈ ત્રિવેદી, ભગીરથભાઈ ત્રિવેદી, પાર્થિવભાઈ જોષી, યોગેશભાઈ ગણાત્રા, નાથનાથ મંદિરનાં પુજારી, જે.પી.સોજીત્રા, મેહુલભાઈ ધોરાજીયા, વિમલભાઈ રામાણી, પ્રણવભાઈ પુડયા, મનીષભાઈ દવે, નિતીનભાઈ રાજપરા, ધાર્મિકભાઈ રામાણી સહિતનાં મહાનુભાવો અને નગરશ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહી શુભકામનાં પાઠવી હતી અને સેવાકાર્યમાં નફાની એક ટકાની ફાળવણીનાં નિર્ણયની સરાહનાં કરી હતી તેમ ડેરી ફાર્મની અખબારી યાદીનાં અંતમાં જણાવેલ છે.




## સિંચાઈ વિભાગનાં અધિકારીઓએ ''જળાશય''ને વાયબ્રન્ટ બનાવવો જોઈએ

# અમરેલીનાં ''ઠેબી જળાશય''ને રંગરોગાન કરવાની જરૂર

**જળાશયની રેલિંગ સહિતનાં વિભાગોને વ્હાઈટ કલર કરવામાં આવે તે જરૂરી**

**શહેરીજનોની પાણીની તરસ બુજાવનાર જળાશય મનમોહક હોવો જરૂરી**

**જળાશય આસપાસ ઉગી નીકળેલ બાવળીયા સહિતનાં વૃક્ષનો નિકાલ પણ કરવો જોઈએ**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ જળાશયની સુંદરતા વધારવી જોઈએ**



અમરેલી, તા. ૭

અમરેલીનાં પાદરમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ ઠેબી જળાશયને રંગ રોગાન કરીને જળાશય આસપાસ ઉગી નીકળેલ ''બાવળીયા'હને દૂર કરવા સ્વચ્છતા અભિયાન કરવાની જરૂરી છે.

શહેરીજનોની પીવાના પાણીની પ્યાસ બુજાવનાર જળાશયને મનમોહક બનાવવા માટે સિંચાઈ વિભાગનાં અધિકારીઓએ આળશ ખંખેરવી જરૂરી છે. કારણ કે ઠેબી જળાશય ઉપર દરરોજ સવાર-સાંજ મોર્નિંગવોકરની અવરજવર રહેતી હોય છે તો રવિવારે સાંજે પણ મોટી સંખ્યામાં શહેરીજનોને ''જળાશય'' નજીક ફરવા માટે જતાં હોય છે. તો શહેરીજનોમાં ''ઠેબી જળાશય''ને વાયબ્રન્ટ બનાવવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

### સ્થાનિકોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ

## અમરેલીનાં બટારવાડી વિસ્તારમાં વિધર્મીને મકાન વેચવાની હિલચાલ સામે નારાજગી ઉભી થઈ

અમરેલી, તા. ૭

અમરેલીનાં બટારવાડી વિસ્તારમાં આવેલ પટેલ ડિઝલવાળી ગલીનાં રહેવાસીઓએ જીલ્લા કલેકટરને આવેદન પાઠવેલ છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)